સત્યમેવ જયતે

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૭/૧૦/૨૦૧૯.

// અધિસુચના//

ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૧૯/૩૬૮૯/બ-૧,

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ, ગુજરાત રાજયની સામાન્ય રાજ્ય સેવામાં બાળ વિકાસ યોજના અધિકારી (મહિલા) વર્ગ-૨ ની સીધી ભરતીની જગ્યા ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક:૫૩/૨૦૧૮-૧૯ અન્વયે લેવાયેલ પરીક્ષાના આધારે પસંદ કરાયેલ ૫૬ (છપ્પન) ઉમેદવારો પૈકી (૧) એક અધિકારી નાયબ નિયામક વર્ગ-૧માં સીધી ભરતીથી નિમણૂંક થતાં અને (૨) એક અધિકારીનું અવસાન થતાં કુલ-૫૪ અધિકારીઓના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ નીચે કોષ્ટકના કોલમ-૫ સામે દર્શાવેલ સ્થળ પર નીચે દર્શાવેલ શરતોને આધીન તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે વિગતવાર નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | અધિકારીનું નામ | મેરીટ ક્રમાંક | કેટેગરી | નિમણૂંકનું સ્થળ | |
|---|---|---|---|---|---|
| | | | | ઘટક | જિલ્લો |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | નિધિ કિશન પંડ્યા | ૧ | જનરલ | અર્બન-૭ | અમદાવાદ કોર્પોરેશન |
| ૨ | અલ્પા સુરેશભાઈ સોલંકી | ૨ | SC | કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર | કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર |
| ૩ | પૂર્વી નવનીતભાઈ રાજપરા | ૪ | જનરલ | ડેસર | વડોદરા |
| ૪ | કિંજલબેન કૈલાસભાઈ દવે | ૫ | જનરલ | કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર | કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર |
| ૫ | મયુરી હરિલાલ ઉપાધ્યાય | ૬ | જનરલ | વાંકાનેર-૨ | મોરબી |
| ૬ | ભક્તિ નરસિંહભાઈ ગઢવી | ૭ | SEBC | નખત્રાણા-૨ | કચ્છ-ભૂજ |
| ૭ | ગાયત્રી સુરેશભાઈ જસાણી | ૮ | જનરલ | ગઢડા-૧ | બોટાદ |
| ૮ | દર્શના અનિલકુમાર પટેલ | ૯ | જનરલ | ધોળકા-૨ | અમદાવાદ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | કવિતાબેન આર. ગોસ્વામી | ૧૦ | SEBC | અર્બન-૧ | સુરત કોર્પોરેશન |
| ૧૦ | ફાલ્ગુની જયેશકુમાર પંડ્યા | ૧૧ | જનરલ | દાહોદ-૧ | દાહોદ |
| ૧૧ | જીજ્ઞાષાબેન કુમુદચંદ્ર દવે | ૧૨ | જનરલ | કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર | કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગર |
| ૧૨ | માધુરી સંજયકુમાર ગુપ્તા | ૧૩ | જનરલ | રાણાવાવ | પોરબંદર |
| ૧૩ | શારદા શ્રીનિવાસ ધુલમ | ૧૫ | જનરલ | રાપર-૧ ✓ | કચ્છ-ભૂજ |
| ૧૪ | જ્યોત્સનાબા પ્રદ્યુમનસિંહ જાડેજા | ૧૬ | જનરલ | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૧૫ | પાયલ વિજયભાઈ ઓઝા | ૧૭ | SEBC | લોધિકા | રાજકોટ |
| ૧૬ | જિજ્ઞાબેન મણિલાલ પટેલ | ૧૮ | જનરલ | મહેસાણા-૨ | મહેસાણા |
| ૧૭ | કસ્તુરી રમેશભાઈ વાણિયા | ૧૯ | SC | અર્બન-૧૧ | અમદાવાદ કોર્પોરેશન |
| ૧૮ | પાયલબેન નટવરલાલ જાની | ૨૦ | જનરલ | સિધ્ધપુર-૨ | પાટણ |
| ૧૯ | માધુરી પ્રવિણભાઈ ડોડીયા | ૨૧ | SEBC | અર્બન-૨ | ભાવનગર કોર્પોરેશન |
| ✓ ૨૦ | અમીષાબેન ચંદુભાઈ પટેલ | ૨૨ | જનરલ | લાખાણી | બનાસકાંઠા |
| ૨૧ | પૂજાબેન જયસુખભાઈ જોષી | ૨૩ | જનરલ | ધોરાજી | રાજકોટ |
| ૨૨ | ધુતિ જયેશ પુરોહિત | ૨૪ | જનરલ | કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર | કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર |
| ૨૩ | દક્ષાબેન હરગોવિંદભાઈ ઠક્કર | ૨૫ | જનરલ | બરવાળા | બોટાદ |
| ૨૪ | મમતાબેન કૌશિકભાઈ કઠિયારા | ૨૬ | જનરલ | બોટાદ-૧ | બોટાદ |
| ૨૫ | મોસમ હર્ષદભાઈ પટેલ | ૨૭ | જનરલ | તિલકવાડા | નર્મદા |
| ૨૬ | ચંદ્રિકા પરષોત્તમભાઈ મકવાણા | ૨૮ | SC | ઝાલોદ-૩ | દાહોદ |
| ૨૭ | ડોલી નિલેષભાઇ દોશી ✓ | ૨૯ | જનરલ | તાલાલા | ગીર-સોમનાથ |
| ૨૮ | અંબિકા વિપુલ જયસ્વાલ | ૩૦ | જનરલ | બોડેલી | છોટાઉદેપુર |
| ૨૯ | ક્રિશ્ના જયેશકુમાર સોની | ૩૧ | જનરલ | ગાંધીનગર-૧ | ગાંધીનગર |
| ૩૦ | પૃથ્વી જયસુખભાઈ ચોડવાડીયા | ૩૨ | જનરલ | ખંભાળિયા-૨ | દેવભૂમિ દ્વારકા |
| ૩૧ | મોનિષાબેન દિલિપકુમાર પંચાલ | ૩૩ | જનરલ | ક્વાંટ-૧ | છોટાઉદેપુર |
| ૩૨ | વિશાખાબેન વશરામભાઈ મકવાણા | ૩૪ | SC | ચાણસ્મા | પાટણ |
| ૩૩ | અલ્પાબેન માવજીભાઈ મકવાણા | ૩૫ | SEBC | પાલીતાણા-૨ | ભાવનગર |
| ૩૪ | જિજ્ઞાસા અશોકભાઈ ચૌધરી | ૩૬ | ST | આહવા | ડાંગ |
| ✓ ૩૫ | ગુણવંતીબેન મણિલાલ પરમાર | ૩૭ | SC | સુત્રાપાડા | ગીર-સોમનાથ |
| ૩૬ | ચૈતાલી બાબુભાઈ ચૌધરી | ૩૮ | SEBC | પાટણ-૩ | પાટણ |
| ૩૭ | શોભના ગોપાલભાઈ લાડાણી | ૩૯ | જનરલ | જેતપુર | રાજકોટ |

Hupal

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૮ | વિનીતાબેન અરવિંદભાઈ વળવી | ૪૦ | ST | કપરાડા-૨ | વલસાડ |
| ૩૯ | અલ્પાબેન માધાભાઈ પટેલ | ૪૧ | જનરલ | હિંમતનગર-૨ | સાબરકાંઠા |
| ૪૦ | રિન્કુબેન વજેસિંહ રાઠોડ | ૪૨ | ST | દેવગઢ બારિયા-૨ | દાહોદ |
| ૪૧ | વંદીતાબેન ગિરીશભાઈ પટેલ | ૪૩ | SEBC | ફતેપુરા-૨ | દાહોદ |
| ૪૨ | રીટા ભગુભાઈ પટેલ | ૪૪ | ST | આમોદ | ભરૂચ |
| ૪૩ | શર્મિષ્ઠાબેન વાઘજીભાઈ ચૌધરી | ૪૫ | SEBC | દિયોદર-૧ | બનાસકાંઠા |
| ૪૪ | ચેતનાબેન કૈલાસદાન ગઢવી | ૪૬ | SEBC | ડીસા-૧ | બનાસકાંઠા |
| ૪૫ | એમી જોસેફ પરમાર | ૪૭ | SEBC | ઝાલોદ-૨ | દાહોદ |
| ૪૬ | જસ્મીનાબેન નાનુભાઇ ચૌધરી | ૪૮ | ST | સોનગઢ-૨ | તાપી |
| ૪૭ | સોનલબેન દયાભાઇ વાળા | ૪૯ | SEBC | જામકંડોરણા | રાજકોટ |
| ૪૮ | હર્ષા જેઠાભાઈ વાઘ | ૫૦ | SEBC | વડોદરા (ગ્રામ્ય-૧) | વડોદરા |
| ૪૯ | હરિબેન ખેતાભાઈ ચૌધરી | ૫૧ | SEBC | થરાદ-૨ | બનાસકાંઠા |
| ૫૦ | કોમલબેન રવાભાઈ રબારી | ૫૨ | SEBC | ફતેપુરા-૧ | દાહોદ |
| ૫૧ | જાગૃતિબેન મનિષકુમાર રાવલ | ૫૩ | SEBC | ગરબાળા-૧ | દાહોદ |
| ૫૨ | હસુમતિ લક્સુભાઈ દિવા | ૫૪ | ST | ગરૂડેશ્વર | નર્મદા |
| ૫૩ | અસ્મીતાબેન છકાભાઈ ચૌધરી | ૫૫ | ST | સાગબારા-૧ | નર્મદા |
| ૫૪ | રખમાબેન દેવાભાઈ ચૌધરી | ૫૬ | SEBC | ગાંધીધામ-૨ | કચ્છ-ભૂજ |

શરતો :

(૧) આ ઉમેદવારોએ અધિસુચનાની તારીખથી દિન-૧૫માં આપેલ નિમણૂંકની જગ્યા ઉપર હાજર થવાનુ રહેશે. નિયત સમય-મર્યાદામાં હાજર નહીં થનારના હુકમો રદ થવા પાત્ર બનશે. બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ નો હવાલો સંભાળવાની તારીખને નોકરીમાં જોડાયા તારીખ ગણવામાં આવશે.

(૨) આ ઉમેદવારોએ નિમણૂક વાળી જગ્યાએ હાજર થતાં પહેલાં આ અગાઉ સરકારી કે અર્ધસરકારી સેવા બજાવી હોય તો અગાઉની નોકરી છોડીને તેમને સેવામાંથી ફરજ મુક્ત/રાજીનામુ/છુટા કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ અત્રે રજુ કરવાનો રહેશે.

(3) તેઓએ વિગતવાર નિયુક્તિવાળી જગ્યા પર હાજર થતાં પહેલાં જે તે જિલ્લા/મ્યુ.કોર્પોરેશનના પ્રોગ્રામ અધિકારીશ્રી/સક્ષમ સત્તાધિકારીશ્રી સમક્ષ તાત્કાલિક સ્વખર્ચે હાજર થવાનું રહેશે અને વિભાગને તાત્કાલિક અહેવાલ મોકલવાનો રહેશે. તેઓએ કચેરી ખાતે હાજર થયાની તારીખથી (૨) બે વર્ષ માટે અજમાયશી ધોરણે ગુજરાત સામાન્ય રાજય સેવા, વર્ગ-૨ ના બાળ વિકાસ યોજના અધિકારી તરીકે ફરજો બજાવવાની રહેશે. તેઓને કચેરી ખાતે હાજર થયાની તારીખથી pre Revised Band Pay Band Rs.9300-34800, Grade Pay Rs.4600, Revised Level-8 (Rs. 44900-142400) in Pay matrix ના પગાર ધોરણમાં ન્યુનત્તમ તબકકે મળવાપાત્ર પગાર અને ભથ્થાઓનો ખર્ચ નિમણૂકવાળી જગ્યાની કચેરીની ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

(૪) તેઓએ વિગતવાર નિયુક્તિવાળી જગ્યા પર હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩-૧૨-૮૬ ના પરિપત્ર ક્રમાંક- સીડીઆર/૧૧૮૬/યુ.ઓ/૨૨૪૪/ગ (૨) થી ઠરાવ્યા મુજબના સોગંદ લેવાના રહેશે.

(૫) તેઓની આ નિમણૂક સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૦૧-૭૦ના પરિપત્ર ક્રમાંક- પીએસીપીએસી/૧૦૬૮/જી ની જોગવાઈ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ તરફથી મેળવવાના રહેતા પ્રમાણપત્રો જેવા કે ચારિત્ર, વર્તણુક અને પૂર્વવૃતાંત અંગેના પ્રમાણપત્રમાં કશું વિરૂધ્ધ નહી હોવાની શરતોને આધીન રહેશે. તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯-૦૯-૧૬ના પરિપત્ર ક્રમાંક:વીસીએ/૧૦૨૦૧૬/૪૨૯૫૪૭/ગ-૨ તથા વખતો વખતની અન્ય સૂચનાઓની જોગવાઇ અનુસાર સબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર, વર્તણૂંક અને પૂર્વવૃત્તાંત પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાના રહેશે. જેમાં કોઇ વિરૂધ્ધ બાબત ધ્યાને આવશે તો તેઓની આ અજમાયશી નિમણૂંક કોઇ પણ પ્રકાની નોટીસ વગર સમાપ્ત કરવામાં આવશે.

(૬) તેઓની આ નિમણૂક તેમના શારીરિક યોગ્યતાના અંગે સ્થાયી તબીબી તપાસ પંચનું તબીબી પ્રમાણપત્ર મેળવામાં આવનાર છે, તેને આધીન રહેશે. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧ મુજબ શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાપત્ર નિયમાનુસાર રજુ કરવાનું રહેશે. નિયત સમયમાં શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ નહિ કરે અથવા તબીબી તપાસમાં આ જગ્યાએ નિમણૂક માટે અનફીટ (Unfit) જાહેર થશે તો તે અજમાયશી અધિકારીની સેવા સમાપ્ત કરવામાં આવશે.

(૭) આ ઉમેદવારોની અજમાયશી નિમણૂક તેઓએ ગુજરાત જાહેર સેવા આયોગને સદર જગ્યા માટે કરેલ અરજીપત્રકમાં જણાવેલ શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનામત, દિવ્યાંગ ઉમેદાવરો અને ધર્મ તથા અન્ય વિગતોની ખરાઈ તેમના અસલ પ્રમાણપત્રોને આધારે કરવામાં આવેલ છે. તેમ છતાં, તેઓએ સંબંધિત જિલ્લા પંચાયત/મ્યુનિસીપલ કોર્પોરેશનના પ્રોગ્રામ અધિકારીશ્રી/સક્ષમ સત્તાધિકારી સક્ષમ હાજર થતી વખતે જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત અને અનુસૂચિત જાતિ/અનુસુચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/દિવ્યાંગ/માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં તે અંગેના અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે અને તેની ચકાસણી અને ખાત્રી થયાની શરતને આધીન આ નિમણૂક રહેશે.

જરૂર જણાયે સંબંધિત નિયંત્રણ અધિકારીઓએ આ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની જે તે યુનિવર્સિટી/સક્ષમ સત્તાધિકારી પાસે ચકાસણી કરી લેવાની રહેશે. ઉમેદવારોએ રજુ કરેલ પ્રમાણપત્રોની વિગતો ખોટી નીકળે તો વિભાગને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

અજમાયશી અધિકારીઓના અરજીપત્રકમાંની ઉપલબ્ધ માહિતી અન્વયે સેવાપોથી તૈયાર કરી તેના પહેલા પાનાની પ્રમાણિત નકલ મહિલા અને બાળ વિકાસ વિભાગને મોકલવાની રહેશે.

(૮) બે વર્ષના અજમાયશી ધોરણોની નિમણૂકના સમય દરમિયાન તેઓએ નિયત થયેલ તાલીમ કાર્યક્રમ મુજબ તેમજ સરકારશ્રી વખતો વખત ઠરાવે તે મુજબની તાલીમ લેવાની રહેશે અને તેવી હેસીયતથી ફરજ બજાવવાની રહેશે. તેમણે પૂર્વ સેવા તાલીમ પરીક્ષા નિયત કરેલ સમય મર્યાદામાં અને તકમાં ઉત્તિર્ણ કરવાની રહેશે. અજમાયશી/તાલીમની સમગ્ર મુદત દરમિયાન તેમને કોઇ

ઈજાફો મળવાપાત્ર રહેશે નહી. અજમાયશી મુદત સંતોષકારક રીતે પૂરી થયેથી તેમને નિયમિત ધોરણે નિમણૂક અપાય ત્યાર બાદ જ સામાન્ય દરે ઈજાફો આપવામાં આવશે.

(૯) આ અજમાયશી અધિકારીઓને તેઓની વિગતવાર તાલીમનું આયોજન થાય ત્યાં સુધી વહીવટનું પ્રાથમિક/સામાન્ય જ્ઞાન રહે તે હેતુથી અજમાયશી અધિકારી સંબંધિત જિલ્લા પંચાયત/ મ્યુ.કોર્પોરેશનમાં નિમણૂક પામેલ હોય તેના સક્ષમ સત્તાધિકારીશ્રીએ તેમની તાલીમ અંગેની વ્યવસ્થા કરવાની રહેશે. આ તાલીમ પૂર્ણ થયેથી સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે નકકી કરવામાં આવનાર તાલીમ કાર્યક્રમ મુજબ તાલીમ લેવાની રહેશે. તેવી જ રીતે ગુજરાત રાજય કોમ્પ્યુટર કૌશલ્ય અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઈ મુજબ અજમાયશી સમય દરમિયાન કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પ્લસ તાલીમ મેળવી તાલીમાન્ત પરીક્ષા પણ પાસ કરી લેવાની રહેશે.

(૧૦) અજમાયશી સમયગાળા દરમિયાનની ઉમેદવારની સેવા સક્ષમ સત્તાધિકારીને સંતોષકારક ન જણાય તો કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી આ ઉમેદવારની નિમણૂકનો અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમય દરમિયાનની સેવાઓ તદન હંગામી અને કામચલાઉ ધોરણવાળી ગણાશે. જરૂર જણાય તો અજમાયશી સમયની મુદત લંબાવવાના અલગથી હુકમો કરવામાં આવશે.

(૧૧) અજમાયશી સમયગાળા દરમિયાન નિયત થયેલો અભ્યાસક્રમ કે પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ ન હોય તો, તેવા કિસ્સામાં અજમાયશી સમયગાળાની મુદત વધારી આપવાની સરકાર વિચારણા કરશે. આવા અજમાયશી સમયગાળાની સમયમર્યાદાની મુદત વધારવાના કિસ્સામાં અલગ હુકમો કરવામાં આવશે.

(૧૨) અજમાયશી અધિકારીઓએ પોતાના અજમાયશની મુદત દરમિયાન રાજયપત્રિત અધિકારી પૂર્વ સેવા તાલીમ અને પરીક્ષા સરકારની જોગવાઈ અનુસાર પૂર્વ સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાન્ત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૧૩) અજમાયશી સમયગાળા દરમિયાન આ સંવર્ગની નિયત થયેલ પૂર્વ સેવા તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદની પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષામાં ઉત્તીર્ણ કર્યા બાદ જ ગુજરાત રાજય સામાન્ય રાજય સેવા, વર્ગ-૨ બાળ વિકાસ યોજના અધિકારી સંવર્ગની જગ્યા ઉપર લાંબાગાળાના ધોરણે નિયમિત આપવા વિચારણા કરવામાં આવશે.

(૧૪) જો તેઓએ અગાઉ સરકરી નોકરી કરેલ હોય અને રાજય સરકારની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ જે નોકરીને ધ્યાનમાં લેતા અજમાયશી સમય ઘટાડવાને પાત્ર બનતો હોય તેવા કિસ્સામાં તેમણે ફરજ ઉપર હાજર થયાની તારીખથી એક માસમાં સક્ષમ અધિકારી સમક્ષ રુબરુ જરૂરી આધારપુરાવા સાથે લેખિત અરજી કરવાની રહેશે. સક્ષમ અધિકારીએ આવી અરજી આ વિભાગને વિના વિલંબે મોકલી આપવાની રહેશે.

(૧૫) અજમાયશી સમયગાળા દરમિયાન તેઓએ પ્રત્યક્ષ તાલીમ દરમિયાન કરેલ પ્રગતિ અંગેના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ (ઈવેલ્યુએશન રીપોર્ટ) તૈયાર કરી, પ્રોગ્રામ અધિકારીશ્રી/સંબંધિત અધિકારીશ્રીને રજુ કરવાના રહેશે. આ અહેવાલ સમય મર્યાદામાં રજુ કરવાની તેઓની અંગત જવાબદારી રહેશે.

(૧૬) તેઓએ સરકારશ્રીએ વખતોવખત નકકી કરેલ હુકમો મુજબ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાઓની પરીક્ષાઓ આપવાની રહેશે અને પરીક્ષાઓમાં સફળ થવાનું રહેશે.

(૧૭) આ અધિકારીઓની નિમણૂક સમગ્ર રાજયમાં બદલીપાત્ર રહેશે. રાજય સરકારને જરૂર જણાય તે પ્રમાણે બદલી કરવામાં આવશે.

(૧૮) સરકારી સેવા માટે નિયત થયેલ સેવાંની અન્ય શરતો (દા.ત. શિસ્ત, વર્તણૂક, પગાર ભથ્થા, પેશગીઓ વગેરે) સરકાર દ્વારા વખતોવખત નકકી કરવામાં આવે તે પ્રમાણે રહેશે.

(૧૯) કોઈ યોજના/કામો કચેરી બંધ થવાના કારણે જગ્યાઓ રદ થાય તેવા સંજોગોમાં રાજય સરકાર જગ્યાના અભાવે સંબંધિત ઉમેદવારને ફાજલ/સરપ્લસ જાહેર કરે તો તેમની નોકરીનો અંત આવશે. તેમ છતાં ગુજરાત મુલ્કી સેવા નિયમો મુજબ મળવાપાત્ર લાભો આપીને સરકાર તેમને છૂટા કરી શકશે અને તેવા સંજોગોમાં ઉમેદવાર નોકરીમાં ચાલુ રાખવાનો દાવો કરી શકાશે નહિ.

(૨૦) જો તેઓ નોકરીમાંથી રાજીનામું આપવા ઈચ્છે તો રાજીનામું આપતાં પહેલાં ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ના નિયમ-૩૩ એ ની જોગવાઈ મુજબ એક માસ પહેલાં સરકારને તેઓએ તેમના રાજીનામા બાબતની નોટીસ આપવાની રહેશે.

(૨૧) તેઓએ આ સાથે બિડેલ નમૂના મુજબનું જામીનખત અને જામીનમાં કરાર કરવાનો રહેશે. આ જામીનખત તેઓએ તથા તેમના બે જામીનોને સંયુકત અને અલગ રીતે એમ બન્ને રીતે બંધનકર્તા રહેશે. તેઓએ પોતે રજુ કરેલા જામીનો રૂ.૫૦૦૦/- સુધીની રકમ માટે દાર અને હયાત છે તેવા સંબંધિત મામલતદારના પ્રમાણપત્ર સાથે પોતાની નિમણૂકના પ્રોગ્રામ અધીકારીશ્રી/સંબંધિત અધિકારીશ્રીને હાજર થતી વખતે અથવા હાજર થયાની તારીખથી એક મહિનાની અંદર આપવાના રહેશે. પ્રોગ્રામ અધિકારીશ્રી/સંબંધિત કચેરી/ખાતાના અધિકારીશ્રીએ તે જામીનખત, જામીન અને દારપણાના પ્રમાણપત્રો સંપૂર્ણ હોવાની ખાત્રી કરી તે પ્રમાણેના શેરા આ સાથે મહિલા અને બાળ વિકાસ વિભાગમાં મોકલવાના રહેશે. જયાં સુધી આવું જામીનખત અને જામીન આપવામાં નહિ આવે ત્યાં સુધી ઉમેદવારને તેના પગાર અને ભથ્થા માટે અધિકૃત કરવામાં આવશે નહિ.

(૨૨) અજમાયશી અધિકારીઓએ વિગતવાર નિમણૂકના સ્થળે હાજર થતી વખતે શરત-(૨૧)માં દર્શાવ્યા મુજબનો કરાર/જામીનખત કરવાનો રહેશે. જે કરાર પ્રમાણે (ક) નિયત થયેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો ન કરી શકે અથવા (ખ) નિયત થયેલી સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય તે રીતે અજમાયશી નિમણૂક અંગેના નિયમોની જોગાવઈ પૈકી કોઈ જોગાવઈ પૂરી ન કરી શકે અથવા (ઘ) અજમાયશી મુદત સહિત મૂળ નિમણૂકની તારીખથી ૩(ત્રણ) વર્ષની મુદત પૂરી થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે તેઓને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકે તેમની નિમણૂક (તાલીમ સહિત) દરમિયાન સરકારે ચૂકવેલ પગાર અને ભથ્થાં સરકારને પરત કરવા તેઓ અને તેમના જામીનદારો સંયુકત અને વ્યકિતગત રીતે બંધાયેલા રહેશે અને પરત કરવામાં નહિ આવે તો બાકી રહેતી રકમ વસૂલ કરવામાં આવશે.

(૨૩) અજમાયશી અધિકારીઓએ ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો,૧૯૭૧ના નિયમ-૧૯(ક)ની જોગવાઇ મુજબ સ્થાવર મિલકત અંગેનું પત્રક સબંધિત નિયંત્રણ અધિકારી મારફત મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને તાત્કાલિક મોકલવાનું રહેશે.

(૨૪) ઉપર દર્શાવેલ શરતો ઉપરાંત તેઓની આ અજમાયશી નિમણૂંક હવે પછી સરકારશ્રી દ્વારા વખતો વખત જે શરતો લાગુ કરાય, તે શરતો પણ તેઓને બંધનકર્તા રહેશે.

(૨૫) નિમણૂકના હુકમો નામ. ગુજરાત હાઈકોર્ટના એસ.સી.એ.નં. ૧૫૨૧૬/૨૦૧૯ તથા અન્ય આ બાબતને લગતા અન્ય કોર્ટકેસના ચુકાદાને આધિન રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અંકિતા ક્રિશ્ચિયન
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

---

ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૧૯/૩૬૮૯/બ-૧.
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૦૭/૧૦/૨૦૧૯.

પ્રતિ,
સર્વે અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારીઓ, (By RPAD અને E-mail)

નકલ રવાના:-

(૧) માન.મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
(૨) માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
(૩) માન.રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
(૪) માન.મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,બ્લોક નં.૧/૫મો માળ,સચિવાલય,ગાંધીનગર.
(૫) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૬) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૭) નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
(૯) મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ.
(૧૦) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લો:-.................. ......
(૧૧) તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ........................

(૧૨) તમામ વિભાગીય નાયબ નિયામકશ્રી, ક્ષેત્રીય કચેરી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.

(૧૩) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રીઓ, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લો:-.................. ....

(૧૪) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, .....................

(૧૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી,

(૧૭) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. .......................

(૧૮) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૯) સિસ્ટમ મેનેજરશ્રી – મહિલા અને બાળ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા સારૂ.

(૨૦) ઉપસચિવશ્રી, HRMS Cell, બ્લોક નં.૧, ૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૨૧) ના.સે.અ. સિલેકટ ફાઇલ.

(૨૨) સિલેકટ ફાઇલ.

(ગોપાલસિંહ યાદવ)
સેકશન અધિકારી,
મહિલા અને બાળ વિકાસ વિભાગ